EDII

Nav Gujarat Samay

December 23, 2021
Page No. 04

EDIIએ કર્યો ઉદ્યોગસાહસિકતા પર સર્વે

# કોરોનાને કારણે મુશ્કેલીઓ છતાં 82 % લોકો વ્યવસાય શરૂ કરવા સારી તક હોવાનું માને છે

**નવગુજરાત સમય** > અમદાવાદ

ધ ગ્લોબલ આંત્રપ્રિનિયોર મોનિટર (GEM) સર્વે દુનિયામાં ઉદ્યોગસાહસિકતાના ક્ષેત્રમાં થતી ગતિશીલતાનો સૌથી મોટો વાર્ષિક અભ્યાસ છે. આંત્રપ્રિનિયોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII), અમદાવાદે નેશનલ ટીમ લીડર તરીકે અને રિપોર્ટના મુખ્ય લેખક તરીકે EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લા સાથે GEM ઈન્ડિયા સર્વે હાથ ધર્યો હતો.

GEM ઈન્ડિયા 2020-21 રિપોર્ટ તાજેતરમાં બહાર પડ્યો હતો, જેમાં ભારતીયો વચ્ચે ઉદ્યોગસાહસિકતાના ચાવીરૂપ પાસાં સમજાવવામાં આવ્યાં છે. આ માટે ભારતીય ઉદ્યોગસાહસિકોના અભિગમો, કામગીરીઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં લેવામાં આવી છે. રિપોર્ટના તારણો નીતિનિર્માતાઓને વર્તમાન અને સંભવિત નીતિઓની સમીક્ષા કરવા માટે પાયો પૂરો પાડે છે.

EDII દ્વારા હાથ ધરવામાં આવેલા ઉદ્યોગસાહસિકતા પરના રાષ્ટ્રવ્યાપી સર્વમાં જાણકારી મળી છે કે, કોવિડ-19 મહામારીને કારણે મુશ્કેલીઓ ઊભી થઈ હોવા છતાં 82 ટકા લોકો વ્યવસાય શરૂ કરવાની સારી તક હોવાનું માને છે. ધ ગ્લોબલ આંત્રપ્રિનિયોર મોનિટર (GEM) રિપોર્ટ 2020-21 પણ જણાવે છે કે, 82 ટકા યુવાનો માને છે કે, તેઓ વ્યવસાય શરૂ કરવા પર્યાપ્ત કુશળતાઓ અને જાણકારી ધરાવે છે. 47 અર્થતંત્રોમાંથી ભારત સંબંધિત તકો માટે ત્રીજું સ્થાન ધરાવે છે. યુવા પેઢીમાં નિષ્ફળતાનો ડર 1 ટકા વધ્યો છે એટલે કે વર્ષ 2019-20માં 56 ટકાથી વધીને 2020-21માં 57 ટકા થયો છે. ઉદ્યોગસાહસિકતાનો ઈરાદો વર્ષ 2019-20માં 33.3 ટકાથી ઘટીને 2020-21માં 20.31 ટકા થયો છે.

ટોટલ અર્લી-સ્ટેજ આંત્રપ્રિનિયોર એક્ટિવિટી (TEA)ને પણ મહામારીને કારણે માઠી અસર થઈ હતી અને 2020-21માં ઘટીને 5.32 ટકા થઈ હતી. મહિલા ઉદ્યોગસાહસિકતાની પ્રવૃત્તિઓમાં 79 ટકા સુધીનો ઘટાડો થયો છે, તો પુરુષ ઉદ્યોગસાહસિકતાની પ્રવૃત્તિઓમાં 53 ટકાનો ઘટાડો થયો છે. ભારતમાં આશરે 44 ટકા યુવાનોનો મત છે કે, તેમની કુટુંબની આવકને મહામારીથી અસર થઈ છે.GEM ઈન્ડિયાના ટીમ લીડર અને EDIIના ડિરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, ઉદ્યોગસાહસિકતા સતત આર્થિક વૃદ્ધિ માટે ચાવીરૂપ પરિબળ બની ગયું છે અને રોજગારીની તકો ઊભી કરવાની પ્રચૂર સંભાવના ધરાવે છે.